# પ્રાંતિજ રેલવે અધિકારીની વારંવારની મનમાની સામે રેલવે મુસાફરોમાં ભારે આક્રોશ



**રેલવે ગ્રાહકોને રીઝર્વેશન ટિકીટ માટે ત્રણ-ત્રણ ધક્કા ખાવા પડે છે : રેલવે ગ્રાહકોને દલાલ કહી કાઢી મુકે છે**

પ્રાંતિજ, તા. ૫

પ્રાંતિજ રેલવે સ્ટેશનના રેલવે અધિકારીની મનમાનીના કારણે સ્થાનિક મુસાફરો તથા બહારથી આવતા મુસાફોરને આજકાલ રેલવેની રીઝર્વેશન ટિકીટ માટે લાઈનમાં ઉભા રહેવું પડે છે. અને દિવસમાં ત્રણ-ત્રણ ધક્કા ખાવા છતાં રીઝર્વેશન ટિકીટ માટે તપસ્યા બાદ ટિકીટ મળે છે.

પ્રાંતિજ રેલવે સ્ટેશન ખાતે આવેલ રેલવે ટિકીટ બારી ઉપર રેલવે મુસાફરોને રીઝર્વેશન ટિકીટ કઢાવવા ધક્કા ખાવા પડે છે. અને જો કોઈ ભુલે ચુકે બપોર પછી રેલવે ટિકીટ માટે પહોંચે તો ટિકીટ બારી ઓફિસ સહિત તાળાં લટકતાં જોવા મળે છે અને રેલવે અધિકારીની ગાળો સાંભળવાનો વારો આવે છે.

જ્યારે દિવસ દરમ્યાન રેલવે મુસાફરો ટિકીટ માટે આવે છે. પણ ટિકીટ બારી બંધ અને ઓફિસની બહારથી તાળુ અને બારી પાસે લખેલું સમય પત્રક જાણે શોભાના ગાંઠીયા સમાન હોય તેવું હાલ તો લાગી રહ્યું છે. ત્યારે ટિકીટ લેવા આવેલ રેલવે ગ્રાહક પાસે આઈ ડી પ્રુફ જરૂર ના હોવા છતાં માંગણી કરે છે અને પાછા મોકલે છે અને ટિકીટ દલાલ કહીને કાઢી મુકે છે.

ત્યારે કેમેરો ચાલુ હોવા છતાં પણ અધિકારી મહાશય પોતાની ઓફિસમાં પોતાની મસ્તીમાં ટેબલ ઉપર પગ લાંબા કરી બેસેલા નજરે પડે છે. ત્યારે મહાશયને એટલું પણ ભાન નથી કે તેમની આ હરકત કેમેરામાં કેદ થાય છે. ત્યારે આવા અધિકારીઓ સામે તંત્ર દ્વારા શુ એક્શન લેશે એ હવે જોવાનું રહ્યું.

# અરવલ્લીમાં ત્રણ દિવસમાં ૪ અકસ્માતમાં ત્રણના મોત

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લા સતત ત્રણ દિવસથી અકસ્માતની ઘટનાઓ અને અકસ્માતમાં મોત નિપજવાની



વણથંભી વણઝાર ચાલુ રહેતા અકસ્માતની હારમાળા સર્જાઈ છે. અરવલ્લી જિલ્લામાં ત્રણ દિવસમાં અકસ્માતની ચાર ઘટનાઓ બની હતી જેમાં ત્રણ લોકોનુ મોત નિપજ્યું હતું. શુક્રવારે બપોરે હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા સુનોખ પાટીયા નજીક કારચાલકે રીક્ષાને અડફેટે લેતા ૧૨ લોકોના શરીરે ઈજાઓ પહોંચતા તાબડતોડ શામળાજી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા. સદનસિબે જાનહાનિ ટળી હતી. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે કારચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**સુનોખ પાટીયા નજીક કારે રીક્ષાને અડફેટે લેતા ૧૨ લોકો ઈજાગ્રસ્ત : સદનસીબે જાનહાની ટળી**

અરવલ્લી જિલ્લામાં ત્રણ દિવસમાં ચાર અકસ્માતની ઘટનાઓમાં ગાબટ ગામના પુનાભાઈ ધુળાભાઈ પસાયતની અજાણ્યા વાહનની અડફેટે મોત નિપજ્યું હતું. ભિલોડા તાલુકાના ગડાદર નજીક કાર પલટી ખાતા કારમાં બેઠેલા હમીદહુસેન ચાંદમોહમદ છીપાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અન્ય એક શામળાજી નજીક વેણપુર ગામના સંજયભાઈ સુરજીભાઈ નીનામા ચાલતા જતા હતાત્યારે પાછળથી આવતી બાઈક (ગાડી નં. જીજે૦૯.સીએફ. ૬૩૬૩)ના ચાલકે અડફેટે લેતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજ્યું હતું.



હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા સુનોખ ગામના બસ સ્ટેન્ડ નજીક ધબાલ ગામથી રીક્ષામાં બેસી લૌકિક ક્રિયામાં જતા ૧૨ લોકોને કારે અડફેટે લેતા શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચતા અફડાતફડી મચી ગઈ હતી. શુક્રવારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે હિંમતનગર તરફથી સુનોખ જતી રીક્ષા (હાડી નં. જીજે૯એક્ષ૩૪૩૦)નો ચાલક રીક્ષામાં મુસાફરો ભરીને મુરલીધર હોટલની સામે વળાંકમાં સુનોખ ગામ તરફ રીક્ષા હંકારી રહ્યો હતો ત્યાંજ રાજસ્થાન તરફથી આવતી કાર (ગાડી નં. જીજે૩ઈએલ૧૯૭૫)નો ચાલક ઋત્વીક ધીરજલાલ પટેલ (રહે. રાજકોટ) પુરઝડપે ગફલતભરી રીતે કાર હંકારી રીક્ષાને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે રીક્ષામાં મુસાફરી કરી રહેલા ૧૨ લોકો ઈજાગ્રસ્ત બનતા અકસ્માતના પગલે દોડી આવેલા નેશનલ હાઈવે ઓથોરીટીના અશોકસીંહ અને તેમની ટીમે તમામ ઈજાગ્રસ્તોને તાબડતોડ હાઈવે એમ્બ્યુલન્સ અને હાઈવે પેટ્રોલીંગ વાન દ્વારા તમામ ૧૨ મુસાફરોને તાબડતોડ શામળાજી રેફરલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ હાઈવે ઓથોરીટીની કામગીરીની સરાહના કરી હતી. શામળાજી પોલીસે રીક્ષાચાલક નારણભાઈ નાનાભાઈ પરમાર (રહે. ધબાલ, તા. હિંમતનગર જી. સાબરકાંઠા)ની ફરિયાદના આધારે કારચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજમાં એક સાથે દસ દેશી દારૂના અડ્ડા પર પોલીસના દરોડા

પ્રાંતિજ, તા. ૫

પ્રાંતિજ ખાતે જાણે પોલીસતંત્ર ઉંઘમાંથી જાગ્યુ ને ઠાકોર ક્ષત્રિય સેનાના યુવાનો પહોંચે તે પહેલા પોલીસે જાતેજ પ્રાંતિજ સહિત તાલુકામાં જુદી જુદી જગ્યાએ રેડ પાડી પોતે જશ મેળવ્યો છે અને જાણે ખાલી ૩૭ લીટર દેશી દારૂ અને ૮૦૦ લિટર દારૂ બનાવવાનો કાચોમાલ સહિત બેની અટકાયત કરી પોતે પોતાની પીઠ થાબડી હોય તેવું જણાઈ આવે છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ તથા તાલુકામાં આવેલ દેશી દારૂના અડ્ડા અને ભટ્ટીઓ ઉપર પ્રાંતિજ પી.આઈ. ટી.બી. રાઠોડ તથા પી.એ.આઈ. એ.આર. ચૌધરીના અધ્યક્ષસ્થાને દસ ટીમો બનાવી દારૂનું વેચાણ તથા ભટ્ટીઓ ઉપરના જુદી જુદી જગ્યાએ જેવા કે સીતવાડા, દલપુર, પ્રાંતિજ રેલવેસ્ટેશન, રામપુર ચોકડી, પ્રાંતિજ નાની ભાગોળ, અંબુજા ફેક્ટરી પાછળ, સાંપડ, તાજપુર કૂઈ જેવી જગ્યાએ ફિલ્મી રેડ કરતા માત્ર ૩૭ લિટર દેશી દારૂ તથા ૮૦૦ લીટર દારૂ બનાવવાના વોશ સાથે બે ની અટકાયત કરી હતી અને જાણે દસ આતંકવાદીઓને ઠાર માર્યા હોય તેવું જણાઈ આવે છે. ત્યારે જાતે એકબીજાની પીઠ છાબરતા હોય તેવું લાગે છે. ત્યારે હજી ભાંખરીયા વિસ્તારમાં આવેલ સર્વોદય કન્યા વિદ્યાલયની બાજુમાં આવેલ દેશી દારૂનો વેપલો હાલ અને આજેય વેચાણ ચાલુ છે અને જાણે કોઈ ફરક પડ્યો નથી અને હજુ આવા કેટલાય દારૂના અડ્ડાઓ છે. જ્યાં જાહેરમાં દારૂ મળે છે. ત્યારે હાલ તો પ્રાંતિજ પોલીસે ખાલી ટ્રેલર ફિલ્મ બતાવી જશ લઈ રહ્યા હોય તેવું જણાઈ આવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શિહોરી પોલીસે દારૂ ભરેલી કાર ઝડપી

શિહોરી, તા. ૫

શિહોરી તાલુકાના વડાગામ ઈન્દ્રમણા ગામ જવાના માર્ગ પરથી શિહોરી પોલીસની ટીમે બાતમીના આધારે દારૂ ભરેલી સ્વીફ્ટ કાર ઝડપી પાડી હતી અને રૂ. ૪.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે કાર્યવાહી હાથ ધરી છે.

ગતરોજ રાત્રીના સમયે પેટ્રોલિંગમાં હતી. આ દરમ્યાન આ ટીમને દારૂ ભરેલી કાર પસાર થવાની બાતમી મળી હતી. આથી પોલીસની ટીમે વડા ગામેથી ઈન્દ્રમણા ગામ જવાના રોડ પરથી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર નં. જીજે-૮.એ.જે. ૬૨૯૩ની તપાસ કરતા તેમાંથી કુલ ૨૮૮ નંગ દારૂની બોટલ કિ. રૂ. ૧.૫ લાખ અને રૂ. ૪ લાખની કાર મળી પોલીસે રૂ. ૫,૧૫,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. શિહોરી પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આજે મહેસાણાના આકાશમાં હવાઈ કરતબની ઉડાન જોવા મળશે

મહેસાણા, તા. ૫

મહેસાણા શહેરમાં એરોડ્રામ ખાતે નાગરિક ઉડ્ડયન રાજ્ય સરકાર અને એસ.વી.પી.આઈ. એરપોર્ટ અમદાવાદ દ્વારા આજે એરો સ્પોટ ઈવેન્ટ કાર્યક્રમ હેઠળ જાહેર જનતાને શહેરના આકાશમાં વિવિધ હવાઈ કરતબ જોવા મળનાર છે. હવાઈ કરતબ કાર્યક્રમને રાજ્યના આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ અને નાણાં મંત્રી સૌરભભાઈ પટેલ ખુલ્લો મુકનાર છે. ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમવાર શનિવારે યોજાનાર એરોસ્પોટમાં બાળકો તેમજ મોટેરાઓને મનમોહિત કરી લેતા હવાઈ કરતબો જિલ્લાની જાહેર જનતા એરોડ્રામ ખાતે વિનામુલ્યે નિહાળી શકશે.

ઉત્તર ગુજરાત એરોસ્પોટ ઈવેન્ટમાં સૌ પ્રથમવાર ત્રણ સ્કાય ડ્રાઈવરો પેરાશુટથી વિમાનમાંથી જમ્પ લગાવનાર છે. હેલીકોપ્ટર દાવપેચથી પુષ્પવર્ષાથી આકાશ રંગબેરંગી બની જનાર છે. સ્કાય ડાઈવિંગ, હેલિકોપ્ટર દ્વારા પુષ્પ વર્ષા, પેરા મોટોરીંગ, પેરા સીલીંગ લોપાસ, એરો મોડલીંગ અને હોટ એર બલુન સહિતના વિવિધ અવનવા કરતબો જોવા મળશે.



મોડાસા શહેરમાં કોંગ્રેસ પક્ષની વિદ્યાર્થી સંસ્થા દ્વારા મોડાસા ચાર રસ્તા પર તાજેતરમાં હૈદરાબાદ ખાતે હોનહાર દલિત વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લેતા સમગ્ર દેશમાં વિવિધ વિદ્યાર્થી સંગઠનો અને રાજકીય પક્ષો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો ત્યારે અરવલ્લી જિલ્લા એનએસયુઆઈના સદસ્યો અને કોંગ્રેસ સમિતિ દ્વારા કેન્ડલમાર્ચ યોજી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. સાથે સાથે આત્મહત્યા કરવા મજબૂર કરનાર તત્વો સામે વિરોધ પ્રદર્શન કરી ટાયરો સળગાવી ટ્રાફીક જામ કરી કેન્દ્ર સરકારની નીતીનો ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. હૈદરાબાદમાં તાજેતરમાં દલિત યુવાન અને પીએચડીની ફેલોશીપ ધરાવતા હોનહાર વિદ્યાર્થી રોહિત વેમુલાને હૈદરાબાદ યુનિવર્સિટી દ્વારા ખોટી રીતે કનડગત કરી હોસ્ટેલમાંથી કાઢી મુકાતા યુવાને આત્મહત્યા કરી લેતા તેના પડઘા સમગ્ર દેશ અને વિદેશમાં પણ પડયા હતા. રોહિત વેમુલાના આપઘાતના પગલે અરવલ્લી જિલ્લા એનએસયુઆઈ દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ કરી દલિત યુવાનને મજબુર કરનાર હૈદરાબાદ યુનિ.ના સંચાલકો અને કેન્દ્ર સરકારની નિતીઓ સામે ઉગ્ર સુત્રોચ્ચાર અને બેનરો વડે વિરોધ પ્રદર્શન કરી ચાર રસ્તા પર ટાયરો સળગાવી ઉગ્ર વિરોધ કરી સમગ્ર વાહનોના વિરોધના પગલે ટાયરો અટકી જતા ચાર રસ્તા પર ટ્રાફિક જામના ભારે દશ્યો સર્જાયા હતા. આ કાર્યક્રમમાં એનએસયુઆઈના પ્રમુખ દર્શન ચૌધરી, અધ્યક્ષ નિતિરાજસિંહ પુવાર સહિત અન્ય સદસ્યો તેમજ જિલ્લાના કોંગ્રેસના સદસ્યો સહિત મોડાસા શહેર પ્રમુખ ઈકબાલ ઈપ્રોલીયા, નિકુંજ પરમાર, કાદરઅલી સૈયદ, અમીત મકવાણા, આનંદ પરમાર, શૈલેષ પરમાર સાથે મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહી વિરોધ પ્રદર્શન કર્યો હતો.

# ખેડબ્રહ્માના ડૉક્ટરે પિતાના અવસાન બાદ દેહનું દાન કર્યું

ખેડબ્રહ્મા,તા. ૫

ખેડબ્રહ્માના ડૉક્ટરના પિતાનું શુક્રવારે અવસાન થતા તેમના પરિવાર દ્વારા દેહદાનનો નિર્ણય લેવામાં આવતા હિંમતનગરની મેડીકલ કોલેજને દેહદાન કરવામાં આવ્યું હતું.



ડૉક્ટરના આ દેહદાનનો નિર્ણય મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ઉપયોગી થશે.

ખેડબ્રહ્મા તાલુકાના ચાંપલપુર ગામના વતની ભોગીલાલ ચુનીલાલ મહેતા તેમનું ગામ ધરોઈ જલાગારમાં ડૂબમાં જતાં ખેડબ્રહ્માની ચાંપલપુર વસાહતમાં આવી વસ્યા હતા. તેમને એક પુત્ર પરેશભાઈ જે વ્યવસાયે ડૉક્ટર છે તથા પ્રજ્ઞા અને નિતા બે દિકરીઓ છે. ભોગીલાલ મહેતા છેલ્લા બે વર્ષથી કરોડરજ્જુના જ્ઞાનતંતુ નબળા પડતા બિમાર હતા. જેમનું શુક્રવારે સવારે ૮૧ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. તેમના અવસાન બાદ ડૉ. પરેશભાઈ મહેતા અને પરિવારે પિતાના દેહનું મહાદાન કરવાનો નિર્ણય કર્યો હતો. અને હિંમતનગર મેડીકલ કોલેજનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

ભોગીલાલ મહેતાનો દેહ એમ્બ્યુલન્સમાં હિંમતનગર લઈ જવાયો હતો અને હિંમતનગરની જી.એમ.ઈ. આર.એસ. મેડીકલ કોલેજના એનાટોમી વિભાગે આ દેહ સ્વીકાર્યો હતો. કોલેજના હેડ ડૉ. રાજેશ આસ્તીક તથા ડૉ. ઉમેશ મોડાસીયાએ જણાવ્યુ હતુ કે આ દેહનો કોલેજના ૧૫૦ વિદ્યાર્થીઓના અભ્યાસ હેતુ કરવામાં આવશે. ડૉ. પરેશભાઈ મહેતા અને તેમના પરિવારનો આ પ્રેરક નિર્ણયને ખેડબ્રહ્મા શહેરના રહીશો અહોભાવથી નિહાળી રહ્યા છે.

# ખેડબ્રહ્મામાં મોતના ગુનામાં પોલીસ વાહનચાલકોને છાવરતી હોવાનો આક્ષેપ

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા પાસે ટ્રક અને જીપ વચ્ચે થયેલ અકસ્માતમાં જીપની ટક્કરથી મોટર સાયકલ ચાલકનું ઘટનાસ્થળે મોત થવા પામ્યુ હતુ. આ અંગે ખેડબ્રહ્મા પોલીસ બંને વાહનોના ચાલકોનો બચાવ કરતી હોવાના આક્ષેપ સાથે ઘટતી કાર્યવાહી કરવામાં નહી આવે તો આંદોલન કરવાની ચિમકી સાથે મૃતકના ભાઈએ કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે.

ખેડબ્રહ્માની સાંઈનાથ હોટલ પાસે ગત તા. ૧૦ ડિસેમ્બરની રાત્રે ટ્રક નંબર જીજે. ૦૯. વાય. ૬૮૮૫ તથા જીપ નંબર જી.જે.૦૯. બીસી. ૫૮૦૩ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેથી રોડની સાઈડમાં મોટરસાયકલ નંબર જીજે.૦૯. એએસ. ૯૬૪૭ લઈ જતાં ચિત્રોડી ગામના રમેશભાઈ ગુજરાભાઈ બુબડીયાને જીપની ટક્કરથી ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. આ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર ૬૯/૧૫ થી ફરીયાદ નોંધાવવામાં આવી હતી. આ ઘટનાને બે માસ જેટલો સમય થઈ ગયો છતાં બંને વાહન ચાલકો વિરૂદ્ધ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા મૃતકના ભાઈ સવજીભાઈ બુબડીયાએ કલેક્ટરને રજુઆત કરી છે. અને ખેડબ્રહ્મા પી.એસ.આઈ. ગુનેગારોને છાવરતી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. આ ગરીબ આદિવાસીના મોત અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં નહી આવે તો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. આ રજુઆત સાથે ચિત્રોડીના સવજીભાઈ ગુજરાભાઈ બુબડીયા તથા ઉદાભાઈ બધાભાઈ અંગારીએ એફીડેવીટ પણ રજુ કરી છે.

## જીપચાલક શંકાના દાયરામાં

રમેશભાઈ બુબડીયાના મોત અંગે તેના ભાઈ સવજીભાઈ બુબડીયાએ જીપ તથા ટ્રક વચ્ચેના અકસ્માતમાં જીપની ટક્કરથી મોત થયુ હોવાનું જણાવ્યું છે. જ્યારે જીપ નંબર જીજે.૦૯.બીસી.૫૮૦૩ના ચાલક વસીમરાજ મહંમદ હનીફ ભટ્ટીએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવી હતી. અકસ્માત જોવા ઉભા રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે.૦૯.વાય.૬૮૮૫ નંબરના ચાલકે જીપને ટક્કર મારતા જીપની પાછળ આવતી મોટરસાયકલ નંબર જીજે૦૯.પી.૮૬૫૪ જીપ સાથે અથડાતા તેને ઈજા થઈ હતી. અને અકસ્માત સર્જી નાસી ગયેલ ટ્રકચાલક વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. જેમાં રમેશભાઈ બુબડીયાના મોત કે મોટરસાયકલ અંગે ઉલ્લેખ કરાયો નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### રામગઢી ગામે મહિલાનું અગમ્ય કારણોસર મોત

મોડાસા, તા. ૫

તાલુકાના રામગઢી ગામે ગત રાત્રીના સમયે જશીબેન નાનાભાઈ ડામોર ઉ.વ. ૬૫નું કોઈ અગમ્ય કારણોસર મોત નીપજ્યું છે. મેઘરજ પોલીસમાં નોંધાયેલ ફરિયાદ મુજબ રાત્રીના સમયે મહિલા ઘરમાં સુઈ રહી હતી અને તેમના પતિ ખેતરમાં પાણી વાળવા માટે ગયા હતા અને તેનો દીકરો તેના પરિવાર સાથે સૂઈ રહ્યો હતો. સવારે મહિલાને તેમનો દીકરો જગાડવાનો પ્રયત્ન કરતા મહિલા ના બોલતા તેને રડારડ કરી હતી. ત્યારબાદ આજુબાજુના કુટુંબી આવીને ઘરમાં જઈ ખાત્રી કરતા મહિલા મૃત હાલતમાં જોવા મળી હતી. મહિલા કેન્સરની બિમારીથી પીડાતી હતી અને તેનું ઓપરેશન કરાવેલ હતુ અને અવાર-નવાર બિમાર પડી જતી હતી. મહિલાનો મૃતદેહને મેઘરજ સાર્વજનિક ખાતે પી.એમ. માટે મોકલાઈ હતી. મેઘરજ પોલીસે રમણભાઈ મશુરભાઈ ડામોરની ફરિયાદને આધારે એડી નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઊંઝામાં વ્યસન મુકિત અભિયાન વેગવંતુ બન્યુ

ઊંઝા, તા.૫

ઊંઝા તાલુકામાં છેલ્લા ઘણા વર્ષોથી દારૂબંધીની નીતિનો યોગ્ય અમલ ન થતાં રાજય સરાકરની આ નીતિના ખુલ્લેઆમ ધજાગરા ઉડી રહ્યા હોય તેમ તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દારૂની બદી ફુલીફાલી છે. આ બદીમાં અત્યાર સુધીમાં ઘણા લોકો પાયમાલ થઈ ગયા છે અને કેટલાયે જાન ગુમાવ્યા છે ત્યારે રાજયભરમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા વ્યસનમુકિત અભિયાનને પગલે ઊંઝા તાલુકામાં પણ આ અભિયાનને વેગ મળે તે માટે લોકોએ ઝુંબેશ શરૂ કરી છે. વ્યસનમુકિત અભિયાન તળે આજે વેપારી મથક ઊંઝા શહેરના જીમખાના મેદાનમાં એક વિશાળ મહિલા સંમેલન યોજાયું હતું. જેમાં શહેરના વિવિધ મહિલા મંડળો અને અન્ય સમાજોની મહિલાઓએ મોટી સંખ્યામાં હાજર રહી વ્યસનમુકિત અભિયાનને ટેકો જાહેર કરી આ દિશામાં સક્રિય બનવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.